

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

સદા રણઝણે સુખે જીવનમાં વીણાના તાર દેવી નમઃ,
સદા રહો પ્રેમે અમારી જીભે વાક્ દેવી નમઃ,
સદા રહે મધુર કેકારવ મયુર દેવી નમઃ,
સદા રહે ભર્યાં જ્ઞાન સરોવર સરસ્વતૈ નમઃ
(વાક્-બારસ્-સરસ્વતી વંદના)

હાઈકુ

કરી દો નષ્ટ
વાઘ બારસ બની
અમ અનિષ્ટો

હૃદયપૂર્વક
છે પૂજન - અર્ચન
મા સરસ્વતી

### ચિંતન

**સર્વત્ર પ્રસિદ્ધોપદેશાત્ ।**

ઉપરોક્ત સૂત્ર જ્ઞાનસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

સર્વે, વેદ, ઉપનિષદાદિમાં પ્રસિદ્ધ પરબ્રહ્મ પરમાત્માનો જ ઉપાસ્ય દેવ તરીકે ઉપદેશ આપવામાં આવ્યો છે.

પરબ્રહ્મ પરમાત્મા જ આ અખિલ જગતના એક માત્ર કારણ છે. સર્વજ્ઞ, સર્વગત, સર્વેશ્વર અને સર્વશક્તિમાન છે. એમના વિના બીજા કોની ઉપાસના કરવાનું ઉચિત લેખાય ? એમની જ ઉપાસનાનો આધાર લઈને એમના સાક્ષાત્કાર માટે સાધના કરવી જોઈએ.

પ્રકૃતિની ઉપાસના, મમતા અને આસક્તિ માનવને અશાંત અને દુઃખી કરે છે અને પરમપુરુષ પરમાત્માની પ્રીતિ, આરાધના અથવા આસક્તિ શાંત, સંતૃપ્ત, સુખી અને મુક્ત બનાવે છે.

છાંદોગ્ય ઉપનિષદમાં જગતને પરમાત્મામય માનીને એમની આરાધના કરવા માટે કહેલું છે. એ પછી એ આરાધ્ય દેવને માટે સત્યસંકલ્પ, સર્વ કર્મા, જેવા શબ્દો પ્રયોગ કરેલા છે.

### સુવિચાર

- જિસ નજાકત સે લહરેં પૈરોં કો છૂતી હૈ, યકીન નહીં હોતા,
  ઈન્હોં ને કભી કશ્તિયાં ડૂબાઈ હોગી - **અંશુમન**
- વચન પાલનમાં પુણ્ય છે, વચન ભંગમાં પાપ છે - **બોધિવૃક્ષ**
- સાચા હૃદયથી સંતને વંદન થયું, સાવ સૂકું લાગડું ચંદન થયું - **ભૂપત વડોદરિયા**
- પોતાને જ અકલમંદ સમજવું ખતરનાક છે - **હદીસ બોધ**
- કોઈ પણ કામ કરવાની 'નીતિ' સારી હશે એટલી જ 'ઉન્નતિ' થશે - **જીવનપાથેય**
- આપણે જે જાણીએ છીએ તે એક ટીપા સમાન છે અને જે નથી જાણતા તે મહાસાગર સમાન છે - **ન્યુટન**
- આજનું ઔષધ : નાસપતિનું સેવન કરવાથી ત્વચાની સુષ્કતા દૂર થાય છે અને ત્વચામાં નવો સંચાર થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ન્યુઝીલેન્ડ નજીક એક ફ્રેન્ચ પાસ નામનો દરિયાઈ વિસ્તારમાં જળમાર્ગમાં દરિયાના તોફાની પ્રવાહો અને અણિયાળા ખડકો આવેલા છે. આ જળમાર્ગ પર વહાણ ચલાવવા એ ખતરનાક ખેલ ગણાય છે. આ રસ્તે અનેક જહાજો એ જળસમાધિ લીધેલી છે. આ માર્ગમાં એક પેલોરસ જેક નામની ડોલ્ફીન હતી. તે ડોલ્ફીન ફ્રેન્સ પાસમાંથી વહાણોની આગળ આગળ એવી રીતે તરતી કે જાણે તે વહાણના નાવિકને માર્ગદર્શન આપતી હોય. બ્રિંડલ નામનું એક જહાજ ફ્રેન્ચ પાસમાં દાખલ થયું. અને આ ડોલ્ફીન તેને ગાઈડ કરવા આગળ તરતી હતી. કેટલાક નાવિકોને થયું આજે મોકો છે, શિકાર સામે ચાલીને આવે છે પણ અનુભવી કેપ્ટને તે ડોલ્ફીન માટે જીવદયા આવી. અને બ્રિંડલને ફ્રેન્ચ પાસમાંથી પસાર થવામાં પેલોરસ જેકે મદદ કરી.

આ વાત બીજા જહાજો સુધી ફેલાઈ ગઈ. જે પણ વહાણ ફ્રેન્ચ પાસે આવે એટલે નાવિકો આ ડોલ્ફીનની તલાસ કરે. તે સેવાભાવી ડોલ્ફીન પણ વહાણ આવતું જોવે એટલે તરત ગાઈડ બની આગળ આગળ ચાલે.

એકવાર કોઈ નશામાં ધૂત નાવિકે ડોલ્ફીનને ગોળી મારી. થોડા દિવસમાં ઘા રુઝાઈ ગયો અને ફરી તે સેવા આપતી થઈ ગઈ. ફરી એકવાર તેણે જે નાવિકે ગોળી મારી હતી તે જહાજને ગાઈડ તરીકે સેવા ન આપી અને એ જહાજ જળશરણ થયું. પ્રાણીઓ આટલા સમજદાર અને પરગજુ હોય છે.

# પ્રિય અભિનેતા પાછળ ચાહકોનો અતિરેક

**તંત્રીસ્થાનેથી...**

ભારત એની વૈવિષ્ણપૂર્ણ સંસ્કૃતિને કારણે 'વિશ્વગુરુ' ની પદવી પામેલ દેશ છે. આર્યાવર્ત નામે ઓળખાતા વિશાળ ભારતનો સાંસ્કૃતિક વિસ્તાર છેક મલયેશિયા, ઈન્ડોનેશિયા અને અફઘાનિસ્તાન કે મ્યાંમાર પર્યંત છે. 'વિવિધતામાં એકતા' સાથે ધબકતા રાષ્ટ્રની મૂળ રગ તો વિદ્યા છે એણે પ્રકાંડ વિદ્વાનો પકવ્યા છે, બેમિસાલ કલાધરો આપ્યા છે, શ્રેષ્ઠ તત્ત્વચિંતકો, વૈજ્ઞાનિકો, કવિઓ અને સંતો સજર્યા છે. શંકરાચાર્યે ભારતની આ નોખી અનોખી સંસ્કૃતિના સેતુ પુરુષ તરીકેની ભૂમિકા ભજવીને ટૂંકી ઉંમરમાં રાષ્ટ્રના ચાર ખૂણે ચાર મઠ સ્થાપીને સંસ્કૃતિના માણેક સ્તંભ રોપી દીધા હતા. આ સ્તંભો અનેક બહારની આક્રમક પ્રજાઓના આક્રમણ અને શાસન છતાં આજપર્યંત અકબંધ રહ્યા છે. રાજા ભોજના સમયમાં પણ ઉત્તમ નાટકો અને મહાકાવ્યો રચાતાં હતા અને અકબરના કાર્યકાળમાં પણ 'રામચરિત માનસ', 'સૂરસાગર' કે રહીમના દૂહા રચાતા હતા. એ પરંપરામાં ફિલ્મનું માધ્યમ પ્રગટતાં નાટકને એક નવો અને વિશાળ ફલક પ્રાપ્ત થયો. ફિલ્મજગતમાં પણ ભારત વિશ્વકક્ષાએ મોખરે જ રહ્યું. એણે દંતકથારુપ સત્યજિત રે અને બિમલ રોય કે ઋષીકેષ મુખર્જી જેવા મહાન ફિલ્મ સર્જકો આપ્યા. દક્ષિણ ભારતમાં તો ફિલ્મી હીરો ભગવાનની જેમ પૂજાવા લાગ્યા. ત્યાંની પ્રજા એટલી બધી સંવેદનશીલ છે કે રામ કે કૃષ્ણનું પાત્ર ભજવનારને ભગવાન જ ગણી લે. એમ.જી. રામચંદ્રન અને એન.ટી. રામારાવને પ્રજાએ પોતાના રાજકીય નેતાઓ તરીતે પ્રસ્થાતિ કરી દીધા હતા તે કોણ નથી જાણતું ? લોકપ્રિયતાની દષ્ટિએ હિંદી ફિલ્મોના હિંદીભાષી અભિનેતાઓ કરતાં તમિલ-તેલુગુ કે કન્નડ-મલયાલમ ભાષી અભિનેતાઓ પ્રજાની વધારે નજીક છે. દિલીપ કુમાર તો ન ભૂતો ન ભવિષ્યતિ કક્ષાના મહાન અભિનેતા હતા. રાજકપૂર વીળી અભિનેતાના અભિનેતા હતા. પરંતુ દક્ષિણ ભારતના અદાકારો જે રીતે લોકહૃદયમાં રાજ કરે છે એટલી અસર એ નથી ઊપજાવી શક્યા. એમના મૃત્યુ પછી કોઈને હાર્ટ એટેક આવ્યાનું કે કોઈએ આત્મહત્યા કરી લીધાનું સાંભળ્યું નથી. દક્ષિણ ભારતીય અભિનેતા રાજકુમારનું વીરપ્પને અપહરણ કર્યું હતું પરંતુ એમને મારી નહોતા નાખ્યા. વીવીઆઈપી ગેસ્ટ તરીકે સાચવ્યા હતા અને જંગલમાં પણ ભાવતાં ભોજનિયાં જમાડ્યાં હતા. રામચંદ્રનના મૃત્યુના સમાચાર પછી ડઝનેક ચાહકોએ અગ્નિસ્નાન કરી લીધું હતું. લકવાયેલી હાલતમાં રામચંદ્રન જીવ્યા ત્યાં સુધી તમિલનાડુના મુખ્યમંત્રી પદે રહ્યા હતા. એમની પ્રેયસી જયલલિતાને એમના વારસ તરીકે એ પ્રજાએ વર્ષો સધી ચૂંટી કાઢી હતી. ભ્રષ્ટ હોવા છતાં ત્યાંની પ્રજા માટે તો એ 'અમ્મા' હતી ! રાજકુમારના યુવાન અભિનેતા પુત્ર પુનિતનું અકાળે અવસાન થતાં બેંગલુરુમાં જે ચાહકોની ભીડ ઊમટી પડી છે તે જોતાં એમ જ લાગે કે આ પ્રજા રાજકીય નેતાઓ કે ધાર્મિક હસ્તીઓ કરતાં કલાધરો પાછળ જ વધુ ઘેલી છે. રાજય સરકારે એ યુવા અભિનેતાને રાજકીય સમ્માન આપ્યું છે. એના માનમાં આખા રાજયનાં થિયેટરો બંધ રહ્યા છે. બે ચાહકોને હાર્ટ એટેક આવી ગયો છે અને એક ચાહકે તો આત્મહત્યા કરી લીધી છે. પુનિત રાજકુમારની લોકપ્રિયા સામે રાજય સરકાર ઘૂંટણિયે પડી ગઈ છે. એની દીકરીનું પ્લેન લેટ પડ્યું છે. એને દિલ્હીથી બેંગ્લુરુ લઈ આવવા રાજય સરકારે પોતાનું પ્લેન મોકલી આપ્યું છે. દીકરી મોડી પડી એટલે પુનિત રાજકુમારના અંતિમ સંસ્કાર એક દિવસ પાછા ઠેલાયાની જાહેરાત ખુદ મુખ્યમંત્રીએ કરવી પડે છે ! એ મહાન અભિનેતાને અંજલી આપવામાં મોડા પડેલા ચાહકોને પણ એનાં અંતિમ દર્શન થઈ શકે એવો તર્ક પણ એમને રજૂ કર્યો છે. શું આ અપ્રમાણસરની ઘેલછાં નથી? પણ, ના એ ગુજરાત, રાજસ્થાન કે હિંદી બેલ્ટનો અભિનેતા નહોતો. એ કન્નડ ફિલ્મોનો લોકપ્રિય અભિનેતા હતો અને વળી રાજકુમાર જેવા લોકહૃદય સમ્રાટનો પનોતો પુત્ર હતો રજનીકાન્તને દાદા સાહેબ ફાળકે એવોર્ડ મળ્યો છે અને એમની તબિયત પણ નરમગરમ રહે છે. ભારતીય જનતા પાર્ટી કયારેક જયલલિતાનો પાલવ પકડીને તો કયારેક રજનીકાન્ત સાથે જોડાણ કરીને દખ્ખણનો ગઢ સર કરવા મથતી રહી છે તે જ શું સૂચક નથી ?

# ડ્રગ્સ રાખવાથી દેશ-વિદેશમાં કેટલી સજાની જોગવાઈ છે, તેની સમજૂતી

## નાર્કોટીક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ, ૧૯૮૫(એન.ડી.પી.એસ. એક્ટ)



કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

તાજેતરમાં શાહરૂખખાનના પુત્ર આર્યનની ચરસ રાખવાના ગુનામાં ધરપકડ કરવામાં આવી દરોડા દરમ્યાન નાર્કોટીક્સ કન્ટ્રોલ બ્યુરોએ ૧૩ ગ્રામ કોકેઈન, ૫ ગ્રામ એમડી, ૨૧ ગ્રામ ચરસ અને ૨૨ એકસ્ટસીની ગોળીઓ સાથે ૧.૩૩ લાખ રૂપિયા રોકડા મળી આવ્યા હતા. જેના વિરૂધ્ધ નાર્કોટીક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ-૧૯૮૫ મુજબ ધરપકડ કરેલ. જેને હાઈકોર્ટમાં જામીન મેળવવા પડેલ. એન.ડી.પી.એસ. એક્ટ મુજબ એક કિલોગ્રામથી ઓછા ચરસ અથવા હશીશ ને ઓછી માત્રામાં ગણવામાં આવે છે. આના માટે ૧૦ વર્ષની જેલ અને ૧ લાખ રૂપિયા જેટલા દંડની સજાની કાયદામાં જોગવાઈ છે. વિશ્વના અન્ય દેશોમાં ચરસ, ડ્રગ્સ રાખવા બદલ સજાની જોગવાઈ છે. જે મુજબ બ્રાજિલમાં આ પ્રકારના ગુનાની સજા ચેતવણી અને સમુદાયની સેવાની જોગવાઈ છે. ચેક રીપબ્લીકમાં આ માટે ૨ વર્ષથી ઓછી કેદની સજાની જોગવાઈ છે. ફિનલેન્ડમાં ૧૦ ગ્રામથી વધુ ડ્રગ્સ રાખવા પર ૨ વર્ષથી ઓછી અથવા દંડની જોગવાઈ છે. ઈન્ડોનેશિયામાં મહત્તમ આજીવન કેદની સજા અથવા ૫ થી ૨૦ વર્ષની જેલની સજા અને ૧૦.૬ બિલીયન એટલે કે લગભગ ૮૦૯૦૦૦ ડોલર જેટલા દંડની જોગવાઈ છે. લીથુઆનિયામાં ૧૦ થી ૪૫ દિવસની જેલની જોગવાઈ છે. જ્યારે મલેશિયામાં આ પ્રકારના ગુનાની સજા ૨ થી ૫ વર્ષની જેલ અને ૧૦ સ્ટ્રોક જેટલા દંડની જોગવાઈ છે. નેધરલેન્ડમાં નાની માત્રામાં દવાઓ, ડ્રગ્સની પકડવામાં આવે તો એક વર્ષથી ઓછા કેદની તથા દંડની જોગવાઈ છે. જ્યારે રશિયામાં આ પ્રકારના ગુનાની સજા ૫૦૦૦૦૦ રૂવલ્સ અથવા ૭૫૪૬ ડોલર અથવા દોષિત વ્યક્તિના ૩ વર્ષના પગાર કરતા ઓછા હોય તેવી રકમની દંડની જોગવાઈ તથા દોષિતને ૩ થી ૧૦ વર્ષની સ્વતંત્રતાથી વંચિત રાખવાની જોગવાઈ છે. ભારતની ક્રિમિનલ જસ્ટીસ સિસ્ટમ જેમાં પોલીસ, એન.આઈ.એ., સી.બી.આઈ., ઈ.ડી., કસ્ટમ, એન.સી.બી., જેવી સંસ્થાઓનો સમાવેશ થાય છે. તેના માટે "પ્રોસેસ એજ પનીશમેન્ટ" નો મુદ્દો હંમેશા મિડીયા ટ્રાયલ રહ્યો છે. હાઈપ્રોફાઈલ કેસમાં એજન્સી ગંભીરતાપૂર્વકના પગલા લઈ દોષિતોને સજા અપાવવા પ્રયત્ન કરે તો તેમાં કેટકેટલાય વિઘ્નોમાંથી તપાસ કરનાર અધિકારીથી લઈ ન્યાય કરનાર ન્યાયાધિશોને પસાર થવું પડે છે. નીચલી કોર્ટે હાઈપ્રોફાઈલ કેસમાં કોઈ નિર્ણય પોતાના માથે લેવા માંગતી નથી, તેથી તમામ દોષારોપણ હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટના માથે આવે છે. દેશની વિવિધ કોર્ટમાં ૧.૬ કરોડ ક્રિમિનલ કેસો એક વર્ષથી વધારે સમયથી પેન્ડીંગ છે. જેમાં ૨૨ લાખ કરતા વધારે કેસો પાછલા ૧૦ વર્ષ કરતા વધુ સમયથી કોર્ટોમાં પેન્ડીંગ છે. ન્યાય મેળવવા કાં તો ફરીયાદીનું મૃત્યુ થાય છે અગરતો આરોપી જ મરણ પામે છે. જેથી ન્યાયનો ઉદેશ સિધ્ધ થતો નથી. કાયદાની જટીલ ટેકનીકોનો વિધવાન વકીલો હરહંમેશ આરોપીના બચાવમાં ઉપયોગ કરતા આવ્યા છે. કાચા કામના કેદીઓની જ સંખ્યા આશરે દેશની જેલોમાં જામીન મેઈવવા રાહ જોતા હોય તેમની ૩,૨૮,૦૦૦ કરતા વધુ છે. કાચા કામના કેદીઓ જે ગરીબ છે, જેમને જામીન મળી ગયા હોવા છતાં બોન્ડીંગ રકમ કોર્ટમાં ભરી શકતા નથી. પરિણામે જેલમાં રહે છે. જે અર્ધશિક્ષિત તથા ગરીબ વર્ગના લોકો છે.

દેશના કાયદાનો વિરોધ કરવાની એક ફેશન, ભણેલા લોકોમાં વ્યાપ્ત થતી જાય છે. તેવા લોકો સામે એક્ટિવિસ્ટસ સ્કોલર્સ એસ્ટાબ્લિસમેન્ટનો સિટિઝન (અમેન્ડમેન્ટ) એક્ટ-૨૦૧૯ નો ભંગ કરતા લોકો સામે પણ સરકાર દ્વારા રાજ્યદ્રોહનો ગુનો લગાવી જેલ ભેગા કરવામાં આવ્યા છે. જે મોટાભાગના આરોપીઓ છેલ્લા ૩ વર્ષ ઉપરાંતથી જેલમાં સબડે છે. જે ક્રિમિનલ જસ્ટીસ સામેના પડકાર સમાન છે. ન્યાયના સિધ્ધાંતોનો લાભ દરેક જણને મળવો જોઈએ જેનો લાભ મળતો નથી.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in

# જીવનમાં સઘળાં ક્ષેત્રોમાં જનશિક્ષણ, જનજાગરણ દ્વારા શુભ સંસ્કારના સિંચનનું આંદોલન ચલાવવું એ જ તરણોપાય



WhatsApp ઓફ ધી વીક

નેહલ ગઢવી

બે બૌદ્ધ સાધુઓ તેમના પરિભ્રમણ દરમિયાન એક નદી પાસે આવી પહોંચ્યા. વર્ષાની ઋતુ હમણાં જ પૂરી થઈ હતી, અને નદીમાં ઠીક ઠીક પાણી હતું. સાધુઓએ પોતાનાં વસ્ત્રો સરખાં બાંધી લીધાં અને નદીને પાર કરવાની તૈયારી કરી, ત્યાં તેમને કાને કોઈના રુદનનો અવાજ પડ્યો.

કોઈક રડતું લાગે છે, એક સાધુ બોલ્યો. એ તો કોઈ સ્ત્રીનો અવાજ છે.'' બીજાએ કહ્યું. એની આપણે શા માટે ફિકર કરવી?'' પહેલો સાધુ કહે, 'તો પણ આપણે તપાસ તો કરવી જ જોઈએ.'' સાધુઓએ આગળ જઈને જોયું તો નદીને કિનારે બેઠી બેઠી એક સુંદર યુવતી વિલાપ કરતી હતી. શા માટે રહે છે તું, બહેન?'' પહેલા સાધુએ પૂછ્યું.

''યુવતી રડતાં રડતાં જ બોલીઃ ''મારી માંદી માને મળવા માટે સામે પાર જવું છે, પણ નદીમાં આટલું બધું પાણી છે ! હવે હું શી રીતે જઈ શકીશ?'

પહેલો સાધુ ઘડીભર ગૂંચવાયો. પણ પછી એને માર્ગ સૂઝી આવ્યો. યુવતીને તેણે પોતાને ખભે બેસી જવા કહ્યું. આ જોઈ બીજો સાધુ ક્રુદ્ધ થઈ તેનાથી જરા અળગો થઈ ગયો.

સામે કિનારે પહોંચીને સાધુએ યુવતીને ઉતારી દીધી અને એ ચૂપચાપ આગળ ચાલવા લાગ્યો. થોડીવારમાં બીજો સાધુ તેની સાથે થઈ ગયો. ચાલતાં ચાલતાં તે ઉશ્કેરાટથી બોલ્યો, ''છી... છી... આજે તે ભારે દૂષિત કર્મ કર્યું છે. આપણાથી સ્ત્રીનો સ્પર્શ કરાય જ કેમ?

પહેલા સાધુએ કશો ઉત્તર વાળ્યો નહીં.

વળી પેલાએ કહ્યું, ''સ્ત્રીમાત્રનો સ્પર્શ આપણા વ્યવહારમાં ત્યાજ્ય છે અને વળી આ તો યુવાન સ્ત્રી હતી. તે આજે ઘોર પાપ કર્યું છે.'

હવે પહેલો સાધુ શાંત અવાજે બોલ્યો ''ભાઈ, મેં સ્ત્રીને નદીને કિનારે ઉતારી દીધી -પણ તું હજું એને ઊંચકીને શા માટે ચાલે છે?'

તમને નથી લાગતું કે આપણા રોજબરોજના વ્યવહારમાં આપણે પણ જાણે-અજાણે આવા કેટલાય દૂષિત બોજના ભાર હેઠળ દબાયેલા છીએ. તહેવારોની આ મોસમમાં પિતૃતર્પણની વિધિ અને ત્યાર બાદ નવલી નવરાત્રીના પૂજા-અર્ચન અને ત્યારબાદ પરંપરાગત શૈલીમાં દિવાળીના હોમહવનની તૈયારીઓ. આ બધું વર્ષોથી આ જ પ્રમાણે ચાલ્યું આવે છે અને બધા જ પોતાપોતાની પ્રણાલી અનુસાર તેનું અનુકરણ કરે છે. આમાં કશું ખોટું કે ખરાબ છે તેવું કહેવાનો આશય બિલકુલ નથી, પરંતુ એક ક્ષણ માટે વિચારી લઈએ કે પેલા બૌદ્ધ સાધુએ જડ માન્યતાઓને વળગી રહીને યુવતીને નદી પાર ન કરાવી હોત તો તે સૌથી મોટો ધર્મ એવા માનવધર્મને ચૂકી ગયા હોત. અને આ જ રીતે આપણે પણ કોઈ પણ પરંપરાને અનુસરતા એ બાબતને ખાસ યાદ રાખવાની છે કે પરંપરાને અનુસરવા જતાં જાણતાં કે અજાણતાં મને-કમને પણ જો કોઈ વ્યક્તિ કે સજીવને નુકશાન થઈ રહ્યું હોય અથવા આપણે આપણો માનવધર્મ ચૂકી રહ્યા હોઈએ ત્યારે શું જાળવવું વધુ અગત્યનું છે તેનો નિર્ણય આપણે પોતે જ કરવો રહ્યો.

છીંક આવવી, બિલાડી આડી ઉતરવી કે દૂધ ઊભરાઈ જવું કે પછી ઘીનું ઢળવું આ તમામ બાબતો સાથે સંકળાયેલી આપણી માન્યતાઓ આ પ્રકારના દૂષિત બોજ સમાન છે કે જે આપણા અંતરાત્મા પર અજાણતાં જ એક ડર,એક હાઉ ઊભો કરે છ. દિલ્હીના એક ખ્રિસ્તી દેવળમાં એક સૂચના છે કે, ''મુખ પર સ્મિત ધારણ કરેલું ન હોય,

ત્યાં સુધી તમારો પહેરવેશ સંપૂર્ણ ન ગણાય.'' આપણે જયારે કોઈ તકલીફ, બિમારી કે અકસ્માતથી ઈજાગ્રસ્ત કે ક્ષતિગ્રસ્ત હોઈએ ત્યારે ઉદાસ કે બેચેન હોવું એ સાહજિક બાબત છે પણ એ તકલીફ પૂરી થઈ હોવા છતાં જયારે કોઈ તમને પૂછે કે, ''અરરે! બહુ તકલીફ પડી ગઈ કે બહુ હેરાનગતિ થઈ ત્યારે તમે જે રીતે પીડામાંથી બહાર આવી ગયા છો તે જ રીતે સામેની વ્યક્તિને પણ હસતાં મોઢે પ્રત્યુત્તર આપીને બોજમુક્ત કરી શકો. કાકાસાહેબ કાલેલકરે લખ્યું છે તેમ,

દુનિયામાં જયાં જયાં અન્યાય થાય છે, ત્યાં ત્યાં જુલમ ગુજારનાર તો પાપી હોય જ છે, પણ જુલમ સહન કરનાર પણ ઓછું પાપ નથી કરતો. ભયભીત દશામાં રહેવું, અન્યાય સહન કરવો, અજ્ઞાન રહેવું, આળસમાં આયુષ્ય વિતાડવું - એ પણ પાપોનો એક પ્રકાર છે. દુષ્ટતાના જુલમ કરતાં અજ્ઞાન, વહેમ, અભિમાન અને સમાજહિતના ખોટા આદર્શને લીધે થયેલા જુલમ ઓછા ભયાનક નથી હોતા.''

આપણી પરંપરાઓ, આપણી સંસ્કૃતિ અને આપણી સભ્યતા દરેક પાછળ કોઈને કોઈ હેતુ, કોઈને કોઈ વૈજ્ઞાનિક તથ્ય હોવાનું જ. પણ એ બધું જ જડ માન્યતા બની જાય કે માનવતાને ભોગે પણ તેનું આંધળું અનુકરણ થવા લાગે ત્યારે એ એક ગાડરિયા પ્રવાહના ભાગ બનવા સમાન પ્રવૃત્તિ ગણાય. નકામી વસ્તુઓનો ત્યાગ કરવો અને આ બાબતને દઢપણે વળગી રહેવું. અજ્ઞાન દૂર કરવા માટે હજાર વરસની જરુર નથી. ખોટા ખ્યાલો ને ભ્રમણાઓ છોડી દેતાં ઘણી વાર લાગે છે પણ અજ્ઞાન તો પોલાણ જેવું છે, એને દૂર કરતાં વાર નથી લાગવાની, કોઈ અંધારિયા રૂમમાં બસો વરસનું અંધારું હોય, પણ બારણું ખોલો એટલે અંધારું હતું - ન હતું થઈ જાય. આધ્યાત્મની અગ્નિપરીક્ષા' નામના પુસ્તકમાં વિમલા ઠાકુર નોંધે છે તેમ,

માનવ - માનસ હજું એવું જ ભૂતકાળના બંધનથી જકડાયેલું છે. સમાજ માનવતાનિષ્ઠ બને એવું પરિવર્તન લાવવાની જરુર છે. જીવનમાં સઘળાં ક્ષેત્રોમાં જનશિક્ષણ, જનજાગરણ દ્વારા શુભ સંસ્કારના સિંચનનું આંદોલન ચલાવવું એ જ તરણોપાય છે.''

તહેવારોની આ મોસમમાં રંગબેરંગી વસ્ત્રો અને અવનવાં અલંકારો તેમ જ અવનવા સાજ-શણગાર સાથે આપ સૌ કોઈ મુક્તપણે ફરી શકો એ માટે આવો સૌ સાથે મળીને આપણા આ ''દૂષિત બોજ નો ત્યાગ કરીએ.

- nehalgadhavi101@gmail.com

# ઓટીટી (ઓવર ધી ટોપ)ના પરદા પરનું મનોરંજન નવી પેઢીને અંધારામાં લઈ જશે




નવી સવાર

રમેશ તન્ના

જાણીતા અને નીવડેલા અભિનેતા નવાઝુદ્દીન સિદ્દીકીએ જાહેરાત કરી છે કે, તેઓ ઓટીટી પ્લેટફોર્મ પર કામ નહીં કરે. ઓટીટીના પ્લેટફોર્મ પર સેક્રેડ ગેંગ્સ જેવો સુપરસીટ શો આપનાર આ અભિનેતાનું માનવું છે કે, ઓટીટી પ્લેટફોર્મ હવે ફાલતું અને અત્યંત નબળી ગુણવત્તાવાળા કન્ટેન્ટને લઈને આવે છે. હવે તે ડમ્પિંગ ગ્રાઉન્ડની માફક કામ કરી રહ્યું છે. વિજયાદશમીના દિવસે વ્યાખ્યાન કરતાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના મોવડી શ્રી મોહન ભાગવતે પણ ઓટીટી પરના વિષયવસ્તુ અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

ઓવર ધી ટોપ એટલે કે ઓટીટી એ મનોરંજનનો લેટેસ્ટ મંચ છે. ખાસ કરીને, નવી પેઢી તેને માણે છે. ચિંતાજનક બાબત એ છે કે, વિદેશમાં સ્થાપિત ઓટીટી હોય કે અહીં ભારતના ઓટીટી પ્લેટફોર્મ હોય, દરેકમાં વિષયવસ્તુ સામે અનેક પ્રશ્નો ઊભા કરી શકાય તેમ છે. મનોરંજનનું પણ એક સ્તર હોવું જોઈએ તેવું આ લોકો માનતા નથી. તેમને કોઈપણ રીતે પોતાનો માલ વેચવામાં રસ છે. મનોરંજનમાં વધુ ઘરાકી કરવી હોય તો સેક્સ અને હિંસા એ સૌથી નીવડેલી બાબતો છે. ઓટીટી મંચ પર અત્યાર સુધી ભારતમાં રજૂ થયેલા વિવિધ કાર્યક્રમો, શો, સિરીઝનો અભ્યાસ કરવામાં આવે તો સ્પષ્ટ તારણ નીક??ળે છે કે તેના પ્રયોજકોને સામાજિક સભાનતા જેવું કશું નથી. પ્રચૂર માત્રમાં હિંસા




અને પોર્ન ફિલ્મોને પણ શરમ આવે તેવાં દશ્યો. જીવનમાં હિંસા એક નાનકડો ભાગ હોય છે, પરંતુ ઓટીટી મંચના આયોજકો માને છે કે, જે વેચાતું હોય તે વેચો. આપણે તો વકરાથી કામ છે. સમાજનું જે થવું હોય તે થાય. યુવાનોનાં મગજ વિકૃત થઈ જતા હોય તો આપણે તેની સાથે કોઈ લેવાદેવા નથી.

ઓટીટીના કન્ટેન્ટ અને રજૂઆત અંગે એટલા બધા સાચા પ્રશ્નો ઊભા કરી શકાય તેમ છે કે, તેનું એક પુસ્તક થાય. તેમને યુવાનોને આકર્ષવામાં રસ છે. તેઓ યુવાનોને ગમે તેવું ઊઘાડું અને હિંસાત્મક કન્ટેન્ટ સતત રજૂ કર્યા કરે છે.

બીજી ગંભીર બાબત છે, ભારતની દિવ્ય અને ભવ્ય સંસ્કૃતિનો વિરોધ કરવાની ફેશનનો. વિવાદ ઊભો થાય તો નકારાત્મક પબ્લિસિટીની મદદથી જે-તે મનોરંજનને વેગ મળે છે. ગરીબની જોરું, ગામ આખાની ભાભી... એ ન્યાયે આપણે દેશમાં વર્ષોથી હિન્દી ફિલ્મો તથા અન્ય કલાકૃત્તિઓમાં હિન્દુ સંસ્કૃતિઓને સતત હીણી અને નીચી બતાવવાનો પ્રયાસ થતો રહે જ છે. ઓટીટી મંચ પર તો તેમાં હદ જ થઈ છે. કોઈ પણ પ્રજા સભ્યતા વગર જીવી ન શકે. કોઈ પણ પ્રજા સંસ્કૃતિ સાથે જ જીવન ઉત્તમ રીતે જીવી શકે. અત્યંત દુઃખ સાથે બે વાત નોંધવા જેવી છે. ભારતમાં ઓટીટી સહિત તમામ મનોરંજનના મંચ હિન્દુ સંસ્કૃતિને સતત ઉપયોગમાં લેતા રહ્યા છે. તેના ગૌરવ અને ગરિમાને ખંડિત કરતા રહ્યા છે. કળામાં સ્વતંત્રતાનું ખૂબ જ મોટું મૂલ્ય છે. તેનો ઈક્રાર થઈ જ ના શકે. કોઈ પણ સર્જક સ્વતંત્ર હોવો જોઈએ. તેનું હૃદય કહે તે રીતે તે પોતાની કૃતિ રજૂ કરી શકે. અલબત્ત, તેણે પોતાને મળેલી સ્વતંત્રતાનો દુરુપયોગ ન કરવો જોઈએ. જો કળાકાર સ્વતંત્ર હોવો જોઈએ તો તે

સંવેદનશીલ પણ હોવો જોઈએ. સ્વસ્થ સમાજને હાનિ કરે તેવી કોઈ પણ બાબત તે રજૂ ન કરી શકે.

બીજી મહત્ત્વની બાબત એ છે કે, મનોરંજનના નામે, ભારતના કરોડો કિશોરો અને યુવાનોના મન અને હૃદયને અત્યંત ખરાબ રીતે નુકસાન કરે તેવી સામગ્રી ખુલ્લેઆમ વર્ષોથી પીરસાઈ રહી હોવા છતાં કોઈના પેટનું પાણી હલતું નથી. ખબર નથી કે, આખા સમાજને શું થઈ ગયું છે. સમાજ આટલો કાયર તો ક્યારેય નહોતો. સમાજ આટલો ડરપોક કેવી રીતે થઈ ગયો ? સમાજે પોતાની જવાબદારી કેમ છોડી દીધી ? સમાજની સંવેદનશીલતા ક્યાં જતી રહી ? કેમ આવા ઘાતક અને જોખમી મનોરંજન સામે સમાજમાંથી એક અવાજ ઊઠતો નથી ?

ઓટીટી પર રજૂ થતાં જોખમી કન્ટેન્ટ કરતાં પણ વધારે ચિંતાજનક સમાજનું મૌન છે. જે સમાજ સ્વસ્થતાને નુકસાન કરતી બાબતોનો વિરોધ નથી કરતો એ સમાજ વિનાશ તરફ ગતિ કરે છે. એ બાબતને ક્યારેય ભૂલવા જેવી નથી.

**છાંચડોઃ**

દાર્શનિક રોમાં રોલાએ એક વખત કહ્યું હતું કે, કોઈ સમાજ કેવાં પુસ્તકો વાંચે છે તે મને કહી આપો તો હું એ સમાજ કેવો છે તે હું જણાવી શકું. એ જ રીતે આપણે કહી શકીએ કે, આધુનિક સમયમાં, કોઈ દેશનું ડિજિટલ મનોરંજન કેવું છે તે જો કહો તો એ દેશનું ભવિષ્ય કેવું છે તે કહી શકાય.